શરણ રેસીડેન્સીમાં વિઘ્નહર્તાના સ્થાપન સાથે રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર સમાચાર

# સંગીત, શિક્ષણ અને સાહિત્યના ત્રિવેણી સંગમથી પુસ્તક પરબ છલકાઈ

ગાંધીનગર, તા.૫

માતૃભાષા અભિયાન અંતર્ગત યોજાતી પુસ્તક પરબમાં આ વખતે સંગીત, શિક્ષણ અને સાહિત્યનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલના માર્ગદર્શન હેઠળ દર માસના પ્રથમ રવિવારે ઘ-૪ના સર્કલે યોજાતી પુસ્તક પરબમાં વરસાદે ઉઘાડ કાઢતાં પુસ્તક પ્રેમીઓ છલકાઈ ઉઠયા હતાં.

પૂર્વ શિક્ષણ કમિશનર આઈએએસ અધિકારી જયંતિ રવિ એમના માર્ગદર્શનમાં શિક્ષણ મેળવી રહેલા બાળકોને પુસ્તક પરબની મુલાકાતે લાવ્યા હતા સાથે રવિ ગોપલન હાજર હતાં. તેમના બાળકો મુખ્યત્વે બાળ સાહિત્યના પુસ્તકો અને મેગેઝીન લઈ ગયા હતાં. નિવૃત્ત આઈએએસ અને મૂક સામાજીક સેવક એચ.બી. વરીયા આવ્યા હતા. જાણીતા આર્કિટેક શ્રીકૃષ્ણ ચિપલોન્કરે એમની મધુરી વાંસળી વાદનથી વાતાવરણ સંગીતમય કરી દીધું હતું.




આજની પુસ્તક પરબમાં લગભગ ૨૫૦ જણાએ મુલાકાત લઈ મફત પુસ્તક અને મેગેઝીનનો લાભ લીધો હતો. આજે એક વિશેષ ઘટના પણ ધ્યાને આવી, ગાંધીનગર સમાચારના અજય ઉપાધ્યાય, સમીર રામી, રણછોડ પરમાર, મૂળજી પરમાર, સ્વાતિ શુકલ, અશ્વિન ત્રિવેદી અને સંજય થોરાત એમ સાત કોલમ રાયટર હાજર હતાં.

પુસ્તક પરબના અંતે કિશોર જીકાદરા સહિત અન્ય કવિઓએ ગીત ગઝલ રજુ કરીને સાચા અર્થમાં માતૃભાષા અભિયાન સાર્થક કર્યું હતું. આ પુસ્તક પરબમાં આશા સરવૈયા, રોહા પરમાર, અશોક શ્રીમાળી, ધ્રૂજટી પ્રજાપતિ, અશોક ત્રિવેદી, કિશોર જીકાદરા, સંજય થોરાત સહિત અનેક લોકો સ્વેચ્છાએ પોતાની સેવા આપે છે. દર વખતે વધી રહેલા વ્યાપને જોતા શ્રેષ્ઠ સાહિત્ય પુસ્તકો અને ઉપયોગી ખ્યાતિ પ્રાપ્ત મેગેઝીન ભેટમાં આપવા અપીલ પણ કરવામાં આવી છે.

## @ગાંધીનગર

● વિશ્વ વંદનીય સંત વિભૂતિ બ્રહ્મ સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ચરણે ભાવવંદના કરવા સાંજે ૬થી ૮ કલાક દરમિયાન મહાત્મા મંદિર કન્વેન્શન હોલ, સે-૧૩-સી ખાતે શ્રધ્ધાંજલિ સમારોહ યોજાશે.

**ગણેશોત્સવ-પ્રથમ દિવસ**

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે નહેરુ યુવા કેન્દ્રના સૌજન્યથી ‘બેસ્ટ સીંગર ઓફ સીટી’ હિન્દી ગીત સ્પર્ધા યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે હાસ્યવંતો ડાયરો યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી ખાતે રાત્રે ૮ કલાકે સે-૧૬, અંધશાળના બાળકો દ્વારા ભજનોની રમઝટ જામશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૮.૦૦ કલાકે સંજય ભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

● સે-૨-ડી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે જી.ઈ. કલબ ગાંધીનગર નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત -દિગ્દર્શિત ‘દીકરી તુલસીનો કયારો’ અને ‘જીવન અમૂલ્ય છે’ સામાજિક કોમેડી નાટક યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. આ ઉપરાંત રાત્રે ૯.૦૦ કલાકે ટેલેન્ટ સ્પર્ધા યોજાશે.

● શ્રી સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા ઘ-૧, વગડાવાળી માતાજી મંદિરના ચોકમાં સે-૩-એ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબા યોજાશે.

● જય ગોગા યુવક મંડળ દ્વારા સે-૫-બીના મેઈન શોપીંગ સેન્ટરની સામે ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૨ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળ દ્વારા પૂજય શ્રી સ્વપંચ ઋષિ બાપાની શોભાયાત્રા જિલ્લાના પેથાપુર ગામના ઋષિધામમાંથી બપોરના ૨.૦૦ કલાકે નીકળશે. તેમજ સાંજે ૭.૦૦ કલાકે નીજધામ પરત ફરશે.

# જીઆઈપીએસમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર પબ્લિક સ્કૂલમાં ઉત્સાહભેર શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ધો-૮, ૯ ને ૧૧ના વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા અદા કરી હતી અને શિક્ષક બનવાનું સુખ પ્રાપ્ત કર્યું હતું. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓનો અભિપ્રાય મેળવતા એવું જાણવા મળ્યું હતું કે શિક્ષક બનવું એ ગૌરવવંતો વ્યવસાય છે. શાળામાં શિક્ષક દિન સાથે ગણેશચતુર્થી અને સંવત્સરીના પર્વની પણ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.



ગુજરાત યુનિવર્સિટી લાઈફ સાયન્સ વિભાગના વિદ્યાર્થી યાસીન બી. મનસુરીએ “સ્ટડી ઓન પેથોજીનેસીસ, પ્રિવેલન્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન ઓફ સેક્સુયલી ટ્રાન્સ્મિટેડ ડિસીઝ ઈન પોપ્યુલેશન ઓફ ગુજરાત એન્ડ ઈટ્સ વેઈનિટી” વિષય ઉપર ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગના એક્સ હેડ અને એક્સ ડાયરેક્ટર સ્કૂલ ઓફ સાયન્સના ડૉ. એમ.વી. રાવના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરી ગુજરાત યુનિવર્સિટીમાં સબમીટ કરેલ તેને યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. સમગ્ર મનસુરી સમાજે આ સિદ્ધિને બિરદાવી તેઓને અભિનંદન પાઠવ્યા છે.

# ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ

મોટા ચિલોડા ખાતે કાર્યરત ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૨૫૫ બાળકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આખા દિવસ દરમિયાન તાસ મુજબ સમગ્ર શાળાનું સંચાલન કર્યું હતું. શાળામાં સિકયુરીટી, પટાવાળા, કલાર્ક અને પ્રિન્સીપાલ સુધીની ફરજ બાળકો દ્વારા બજાવવામાં આવી હતી. અંતે તમામ બાળકોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. શિક્ષક દિનમાં ભાગ લેનાર તમામ બાળકોને શાળા પરિવાર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.






અંબાજી પગપાળા જતા યાત્રિકો માટે શહેરના ચ-૩ ખાતે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સેવા કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ ચતુર્થીથી અગિયારસ સુધી આ સેવા કેન્દ્ર કાર્યરત રહેશે. જેમાં ભકતોને ચા, કોફી, મીનરલ વોટર, ભેળ, ભજીયા, ભાજીપાવ સહિત સૂકો નાસ્તો તેમજ આરામ કરવાની, ન્હાવાની અને મેડીકલ લક્ષી સેવાઓ પણ પુરી પાડવામાં આવશે. આ સેવા કેન્દ્રમાં મહાનગર ભાજપના તમામ હોદ્દેદારો ખડેપગે રહીને સેવા કરશે. આ સેવા કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મનપા મેયર પ્રવીણભાઈ પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, શહેર યુવા મોરચાના પદમસિંહ ચૌહાણ, કોર્પોરેટરો, મહિલા કાર્યકરો સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# કડવા પાટીદાર સમાજ દ્વારા આધારકાર્ડ કેમ્પ યોજાયો

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાયો હતો. સંસ્થાના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા મહામંત્રીશ્રી ભોળાભાઈ પટેલના પ્રયત્નો દ્વારા કલેકટરશ્રી-ગાંધીનગર અને કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરના સહયોગથી પાટીદાર સમાજ, પેન્શનર્સ અને અન્ય સમાજના અશકત, સિનિયર સિટીઝન માટે ખાસ આધારકાર્ડ કેમ્પનું આયોજન તા. ૨૯મી ઓગષ્ટ થી ૧લી સપ્ટેમ્બર સુધી ચાર દિવસ માટે સમાજના લાભાર્થે આધારકાર્ડ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૫૫૦ જેટલા ભાઈ બહેનોએ લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા માટે સંસ્થાના શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી શિવાભાઈ પટેલ તથા આંતરિક ઓડિટર શ્રી ડાયાભાઈ વાછાણી તથા નિવૃત્ત મામલતદાર શ્રી કાન્તિભાઈ કે. પટેલ, હોદ્દેદારો વગેરે સભ્યોએ જહેમત ઉઠાવી હતી. તે સાથે પવિત્ર શ્રાવણ માસની અમાસે શિવયજ્ઞ કરી ભોજન પ્રસાદ સાથે કેમ્પનું સમાપન કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

● સવારથી જ શહેરમાં વિઘ્નહર્તાના આગમનના ઢોલ ઢબૂકવા લાગ્યા હતા. ગણપતિજીની શોભાયાત્રામાં યુવાનોએ ‘ગણપતિ બાપ્પા મોરિયા’ લખેલી માથે બાંધવાની કેસરી પટ્ટીઓ લેવા માટે રીતસર પડાપડી કરી હતી. શોભાયાત્રામાં સેલ્ફીસ્ટીકની ઘેલછા જોવા મળી હતી જેના થકી યુવાનો ‘સેલ્ફી વીથ બાપ્પા’ લેતા નજરે ચઢયા હતા.

● શહેરના સે-૬માં ભુવનેશ્વર મહાદેવ ખાતે ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાની મૂર્તિનું સ્થાપન કરાયું છે. મૂર્તિ ઈકો ફ્રેન્ડલી હોવાની સાથે અહીં શોભાયાત્રામાં પણ ગુલાલ કે રંગનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો.

● સે-૨૯માં સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે શિક્ષક દિનની ઉજવણીમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં એક વિદ્યાર્થીએ ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્ણ કરતા જયોતિબા ફૂલે અંગે વધુ પડતી સ્પીચ આપતા શ્રોતા વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. વળી આ સ્પર્ધકે જયોતિબા ફૂલેને રાષ્ટ્રપિતા તરીકે પણ સંબોધ્યા હતા પરંતુ સ્પર્ધકને તેનું વકતવ્ય અધવચ્ચે ટુંકાવવું પડયું હતું.

● શહેરના માર્ગ નં. ૩ પર સે-૧૩ નજીક સવારે બાઈક લઈ પસાર થઈ રહેલા યુવાનનો એક પતંગની દોરીથી અકસ્માત થતા સ્હેજ માટે રહી ગયો હતો. આ યુવાને સમય સૂચકતાથી બાઈક અટકાવી સાઈડમાં પાર્ક કરી પતંગ તથા તમામ દોરીને એકત્ર કરી નજીકની ડસ્ટબીનમાં પધરાવી હતી.

# શરણ રેસીડેન્સીમાં વિઘ્નહર્તાના સ્થાપન સાથે રકતદાન શિબિર યોજાઈ

**સરગાસણ ચાર રસ્તા નજીકની શરણ રેસીડેન્સીનું પ્રેરક ઉદાહરણ : કેમ્પમાં ૨૪ બોટલ રકત એકત્ર કરાયું**

ગાંધીનગર, તા.૫

શહેરમાં આજે ચોતરફથી ‘ગણપતિ બાપ્પા મોરિયા’ના નાદ ગુંજી ઉઠયા હતા. શહેરની દરેક ગલી, દરેક સોસાયટી, દરેક સેકટર, દરેક વિસ્તારમાં વિઘ્નહર્તાનું ભાવભેર આગમન થઈ ચુકયું છે. સર્વે ભકતો-શ્રધ્ધાળુઓ-ભાવિકોના મનમાં ઉમંગ ફેલાયો છે. શહેરમાં ગણપતિ મહોત્સવના આયોજકોએ વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જો કે સરગાસણ ચાર રસ્તા નજીક આવેલ શરણ રેસીડેન્સી સોસાયટીમાં ગણેશ સ્થાપન સાથે ‘રકતદાન’ કેમ્પનું આયોજન કરી અનોખું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે. આ રકતદાન શિબિર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી કરાયું હતું.

રકતદાન એ મહાદાન છે અને હાલના સંજોગોમાં રકતની અછત સર્જાઈ રહી છે ત્યારે ધાર્મિક પર્વ સાથે સામાજિક જવાબદારીને સાંકળી લેતા શરણ રેસિડેન્સીના રહીશોએ એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે. આ રકતદાન શિબિરમાં કુલ ૨૪ બોટલ રકત એકત્ર કરાયું હતું. સૌથી મહત્વની બાબત તો એ છે કે આ રકતદાન કેમ્પમાં સોસાયટીની મહિલાઓએ ઉમળકાભેર ભાગ લઈ રકતદાન કર્યું હતું. સવારે ૧૦ કલાકે સોસાયટીમાં વિઘ્નહર્તાનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને ૧૧ કલાકે સોસાયટી સંકુલમાં જ રકતદાન કેમ્પનો પ્રારંભ કરાયો હતો. આ રકતદાન શિબિરની સફળતા માટે સોસાયટીના અગ્રણી રહીશો જયેશભાઈ શાહ, અશોકભાઈ સુથાર, રિતેષભાઈ શાહ તથા દેવેન્દ્રસિંહ ઝાલા અને અન્ય ઉત્સાહી મિત્રોએ જહેમત ઉઠાવી હતી. રકતદાતાઓને પ્રમાણપત્ર આપવા સાથે ચોકલેટ આપી મ્હોં મીઠું કરાયું હતું. રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમે આપી હતી. સમગ્ર કેમ્પનું આયોજન શરણ રેસીડેન્સીના રહીશોએ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી કર્યું હતું.




# એમ.બી. પટેલ શાળામાં સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગાંધીનગર-ગુજરાત દ્વારા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રેઝન્ટેશન, ચાર્ટસ, ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓને તમામ પ્રકારની સલામતીથી વાકેફ કરવામાં આવ્યા હતા. આગ બચાવ અને સાવધાની, વાવાઝોડુ, પૂર, ભૂકંપ, માર્ગ સુરક્ષા અને સલામતી જેવી આપત્તિની ઘટનાઓ અંગે ખૂબ જ ઊંડાણમાં માહિતી પુરી પાડવામાં આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના વર્ષાબહેન પટેલે વિદ્યાર્થીઓને વિવિધ આયામો દ્વારા આ તમામ માહિતીથી વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળા પરિવાર અને વિદ્યાર્થીઆએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.



# ‘ગુરુ માત્ર દૂરદર્શી જ નહી, પારદર્શી પણ હોવો જોઈએ’

**સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે શિક્ષક દિનની ઉજવણીમાં પદ્મશ્રી પ્રો. દિનેશ સીંઘનું ચોટદાર વકતવ્ય : ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ પણ યોજાઈ**

ગાંધીનગર, તા.૫

શિક્ષક પ્રમાણિક તેમજ અહંકાર રહિત હોવો આવશ્યક છે. ગુરુ માત્ર દૂરદર્શી હોય તેટલું પુરતું નથી પરંતુ તે પારદર્શી પણ હોવો જોઈએ. દરેક શિક્ષકને એ બરાબર ખબર હોય છે કે તેના વિદ્યાર્થીને શું જોઈએ છે. આ શબ્દો છે આજે ગાંધીનગરના સે-૨૯માં સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત ખાતે શિક્ષક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન પદે આવેલા યુનિવર્સિટી ઓફ દિલ્હીના પૂર્વ વાઈસ ચાન્સેલર પદ્મશ્રી પ્રો. દિનેશ સીંઘના. સેન્ટ્રલ યુનિ. ખાતે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નના જન્મ દિને ઉજવાતા શિક્ષક દિનની ઉજવણી આજે ભવ્ય રીતે કરાઈ હતી.

પ્રો. દિનેશ સીંઘે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આપણે દર વર્ષે ૧ થી ૨ કરોડ સ્ટુડન્ટસનું માર્ગદર્શન કરવાનું છે માટે અધ્યાપકોની મોટા પાયે જરૂરિયાત ઉભી થઈ છે. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈશ ચાન્સેલર પ્રો. એસ.એ. બારીએ કહ્યું તું કે શિક્ષક એ હોય છે કે જે વિદ્યાર્થીની આંગળી પકડીને સાચો માર્ગ બતાવે છે. આજના યુગમાં શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ પાસેથી ઘણું શિખવાનું છે.



સેન્ટ્રલ યુનિવર્સિટીમાં યોજાયેલ શિક્ષક દિનની ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વકતૃત્વ સ્પર્ધા ડિબેટ વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં પ્રથમ ક્રમાંકે જયસૂર્યા કે., દ્વિતિય ક્રમે બશરત નઝીર અને તૃતીય ક્રમે મોહમંદ અપ્તર વિજેતા થયા હતા. કવીઝ સ્પર્ધામાં ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે અભિષેક ચંદ્રની ટીમ, દ્વિતિય ક્રમે જયસૂર્યા કે.ની ટીમ તથા તૃતીય ક્રમે તુબાઈની ટીમ વિજેતા બની હતી. ડિબેટમાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ક્રમાનુસાર બશરત નઝીર, સૌરવ ડેબનાથ અને નિત્યા ચાવડા વિજેતા થયા હતા. નાટક સ્પર્ધામાં રંગાધિરાજ ગૃપનું નાટક ‘ઈન્સ્પેકટર માતા દિન ચાંદ પર’ વિજેતા બન્યું હતું. આ ઉપરાંત ડાન્સમાં સોલો, ગૃપ અને ડયુએટ ડાન્સ યોજાયા હતા તેમજ ૬ સોલો સોંગ પણ રજુ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લ્હાવો માણ્યો હતો.

# લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા વાવોલમાં પર્યાવરણ જાગૃતિ સેમિનાર





ગાંધીનગર, તા.૫

લાયન્સ કલબ, ગાંધીનગર દ્વારા એમ.બી. પટેલ સ્કૂલ વાવોલના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓને પર્યાવરણ જાગૃતિ વિષયક સેમિનાર દ્વારા ટ્રેનીંગ અપાઈ હતી. રીટાયર્ડ વન સંરક્ષકશ્રી ભરત પંડયાએ બાળકોને ખૂબ સરળ શૈલીમાં હવા-પાણી-ખોરાક-વૃક્ષો-સ્વચ્છતા-પર્યાવરણની ઉત્કૃષ્ટ માહિતી આપી હતી. વ્યકિત ખોરાક વગર ૯૦ દિવસ, પાણી વગર ૩ દિવસ જીવી શકે છે પણ હવા વગર ૩ મિનિટ જ જીવી શકે છે. આમ શુધ્ધ હવા-ઓકિસજન માટે દરેક વ્યકિતએ પોતાના જીવન દરમિયાન ૨૦ વૃક્ષો વાવવા જોઈએ. પર્યાવરણની જાળવણી ખૂબ અગત્યની છે.

લાયન્સ કલબ દ્વારા ઈન્ટરનેશનલ સેન્ટેનીઅલ પ્રોગ્રામ-પર્યાવરણ જાગૃતિ સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકોને ખૂબ ઉપયોગી સેમિનાર યોજાયો હતો.

લાયન્સ પ્રમુખ નિમેષ રાવલે પોતાના ઉદબોધનમાં દરેક વિદ્યાર્થી-શિક્ષકને ઓછામાં ઓછા ૨ વૃક્ષ આ વર્ષે વાવવા અને ઉછેરવાની અને પોતે પોતાના ઘરમાં, શાળામાં, શેરીમાં સ્વચ્છતા જાળવશે એવી પ્રતિજ્ઞા લેવડાવી હતી. શાળાના માનદમંત્રી અને લાયન્સ કલબના ખજાનચી શ્રી રઘુસિંહ ગોલના પ્રયત્નોથી આવો સુંદર કાર્યક્રમ સંપન્ન થઈ શકયો છે એમ જણાવતા શાળાના પ્રિન્સિપાલ શ્રી બળદેવભાઈ પટેલે સૌ ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું.

પર્યાવરણ જાગૃતિ માટે સંનિષ્ઠ કાર્ય કરતા પૂર્વ પ્રમુખ ડૉ. ડી.પી. ત્રિવેદી, સેક્રેટરી પદમસિંહ ચૌહાણ તથા ગ્રીન એમ્બેસેડર ઓફ ગાંધીનગરના એવોર્ડી, પર્યાવરણ જાગૃતિમાં અગ્રેસર બિલ્ડર લાયન વિક્રાંત પુરોહિતની હાજરી પ્રોત્સાહક બની રહી. લાયન્સ કલબ દ્વારા આવા વિદ્યાર્થીલક્ષી સુંદર કાર્યક્રમ યોજવા બદલ શાળા પરિવારને મા સરસ્વતીનો સુંદર મોમેન્ટો અર્પણ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના લાયન્સ કવેસ્ટના ટીચર શ્રી નિલેશભાઈએ કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ચંપાબેન બાબુલાલ પટેલ, ઉ.વ. ૭૮
- સ્વ. ઠાકોર મેલાજી આતાજી, ઉ.વ. ૪૫